1. ટૂંક નોંધ લખો : વડી અદાલતનું સ્થાન

- વડી અદાલત તેની તાબાની અદાલતો અને સર્વોચ્ચ અદાલતને જોડતી કડી છે. કેન્દ્ર કક્ષાએ સર્વોચ્ચ અદાલતનું જે સ્થાન છે, તેવું જ સ્થાન રાજયકક્ષાએ વડી અદાલતનું છે. રાજયની વડી અદાલતો પણ નઝીરી અદાલત તરીકે મોભાનું સ્થાન ધરાવે છે. વડી અદાલત પોતાના ચુકાદા, નિર્ણયોને યોગ્ય તેમજ વ્યવસ્થિત સ્વરૂપમાં સંગ્રહિત કરીને પ્રકાશિત કરે છે.

2. ટૂંક નોંધ લખો : સર્વોચ્ચ અદાલતના ચુકાદા ભારતમાં તમામ અદાલતો માટે બંધનકર્તા છે?

- ભારતમાં બંધારણીય જોગવાઈ અનુસાર સળંગ, સ્વતંત્ર, નિષ્પક્ષ અને એ કસૂત્રી ન્યાયતંત્રની સ્થાપના કરવામાં આવી છે. ન્યાયતંત્રની ટોચે સર્વોચ્ચ અદાલતે છે. મધ્યમાં રાજય કક્ષાએ વડી અદાલતો અને નીચે જિલ્લા કક્ષાની અને તાબાની અદાલતો સંઘ સરકાર અને રાજય સરકાર વચ્ચે બંધારણીય બાબતો કે કાયદાના અર્થઘટનો અંગે વિવાદ ઊભો થાય તો તેના ઉકેલની અંતિમ સત્તા સર્વોચ્ચ અદાલતની છે. સર્વોચ્ચ અદાલત નાગરિકોના અધિકારોનું રક્ષણ કરતી અંતિમ અદાલત છે. આમ, સર્વોચ્ચ અદાલતના ચુકાદા ભારતનાં તમામ્ અદાલતો માટે બંધનકર્તા રહે છે.

3. ટૂંક નોંધ લખો : ન્યાયતંત્ર લોકશાહીની આધારશીલા છે.

- ભારતીય સમવાયતંત્રી લોકશાહીમાં બંધારણ અને નાગરીકોના મૂળભૂત હકોનું રક્ષણ કરવા તેમજ કેન્દ્ર અને રાજય વચ્ચે અથવા રાજયરાજય વચ્ચે સત્તાઓ અને કાર્યક્ષેત્ર અંગે કોઈ ઘર્ષણો ઉભા થાય તો તેનો બંધારણીય ઉકેલ લાવવા માટે સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે.
- આ ન્યાયતંત્ર કાયદાની કોઈ કલમ કે જોગવાઈની બંધારણીય સુસંગતતા ભાસે છે, અને તેનું અર્થઘટન કરે છે. ધારાસભા અને કારોબારી દ્વારા બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન ન થાય તેનું ન્યાયતંત્ર ધ્યાન રાખે છે. આમ ભારતનું ન્યાયતંત્ર લોકશાહીની આધારશીલા છે.

4. ટૂંક નોંધ લખો : સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત ગણાય છે.

- સર્વોચ્ચ અદાલત દેશની શ્રેષ્ઠ ટોચની અદાલત છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અથવા નિર્ણયો કાયમી દસ્તાવેજ ગણાય છે અને તેનો બધા જ સ્વીકાર કરે છે.તેનો ઉપયોગ તાબાની અદાલતોનાં મુકદમાઓમાં નિર્ણય લેતી વખતે સંદર્ભ તરીકે ઉપયોગ લઈ શકાય છે. તેના ધારાધોરણો તાબાની બધી અદાલતો માટે બંધનકર્તા છે. તેનો તિરસ્કાર કે અવગણના કરી શકાતા નથી. આમ સર્વોચ્ચ અદાલતનું રેકર્ડ (Record) પુરાવાકીય મૂલ્ય ધરાવે છે, તેથી તે નઝીરી અદાલત (Court of Record) ગણાય છે.

5. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિવૃત્તિ બાદ પણ કોઈપણ કોર્ટમાં વકિલાત કરી શકતા નથી.

- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોનો મોભો અને પ્રતિષ્ઠા ઘણા ઊંચા દરજ્જાના બનાવવામાં આવ્યા છે. એક વખત જે વ્યક્તિએ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ તરીકે કામ કર્યું હોય અને ત્યારપછી તે કોઈપણ અદાલતમાં વકિલ તરીકે પણ કામ કરે તો તે અદાલતના ન્યાયાધીશો અજાણતા પણ તેની શેહશરમમાં આવી જાય અને કદાચ તેની

તરફેણમાં પક્ષપાતભર્યું વલણ દાખવી બેસે. આથી બંધારણમાં કરેલ જોગવાઈ પ્રમાણે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિવૃત્તિ બાદ પણ કોઈ પણ કોર્ટમાં વકિલાત કરી શકતા નથી.